

## ગિયોડ ખાતે દર્શનાર્થીઓનું ઘોડાપુર ઉમટ્યું

ચિલોડાથી હિંમતનગર તરફના નેશનલ હાઈવે નં. ૮ પર આવેલ યાત્રાધામ ગિયોડના અંબાજી મંદિરે આને ભાદરવી પૂનમનો મેળો ભરાયો હતો. જેમાં હૈયેહૈયુ દળાય એટલી માનવ મેદની ઉમટી પડી હતી. જગતજનની મા અંબાના દર્શનાર્થે ઘોડાપુરની જેમ ઉમટી પડેલ દર્શનાર્થીઓના કારણે ગિયોડથી છેક ધણપ પાટિયા સુધી વાહનોની લાંબી કતારો ખડી થઈ ગઈ હતી. ભાદરવી પૂનમે યોજાયેલા આ મેળામાં ચિલોડા, દહેગામ, પ્રાંતિજ, ગાંધીનગર, નરોડા, બાપુનગર અને અમદાવાદમાંથી પણ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શન કરવા આવી પહોંચ્યા હતા. અહી હાઈવે પર પગપાળા ચાલીને આવતા માઈભક્તો માટે કેટલાક સેવાભાવી શ્રદ્ધાળુઓ દ્વારા ચા-કોફી-કેળા અને અન્ય નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી. અંબાજી માતાના મંદિરને પણ સુંદર રીતે શણગારવામાં આવ્યું હતું અને હાઈવે પરનું મંદિર હોવાથી પોલીસતંત્ર દ્વારા પણ ટ્રાફિક નિયમનના પગલાં લેવાયા હતા. આ કાર્યમાં તેમને છાલાની શાળાના બાળકોએ સ્વયંસેવકો તરીકે મદદ કરી હતી. માઈ ભક્તોએ માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# ભિલોડાની હાથમતી નદીમાં ઘોડાપુર આવ્યા

## બિમારીથી કંટાળેલો એક યુવાને હાથમતીના બ્રીજ પરથી નદી પુરમાં ઝંપલાવ્યું : આ દશ્ય નિહાળવા લોકોના ટોળેટોળા ઉમટ્યા

ભિલોડા,તા.૯

અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં તા.૮/૯/૨૦૧૪ને બપોરથી મેઘરાજા જાણે કે મન મુકીને



વરસ્યો હતો ત્યારે છેલ્લા ૨૪ કલાકમાં ૧૦ ઈંચ જેટલો વરસાદ વરસતાં નદી,નાળા,વાઘાં-કોતરોમાં વરસાદી પાણી વહેતાં થયા હતા. ભિલોડામાં નીચાણવાળા વિસ્તારો, રેસીડેન્ટ એરીયામાં પાણી ઠેર-ઠેર ભરાયા હતા. ઉપરવાસમાં ભારે વરસાદ થતાં હાથમતી નદી,ઈન્દ્રાસી નદી, બુઢેલી નદી સહિત અનેક નદીઓ બે કાંઠે વહેતી થઈ હતી. પાછોતરા વરસાદે જાણે કે ખેડુતોની લાજ રાખી હોય તેમ દુષ્કાળમાંથી મેઘરાજાએ ખડુતોને ઉઘારી લીધા છે. અરવલ્લીની ગીરીમાળાઓમાં ચારેકોર હરીયાળી વરસી ઉઠી છે. આજે તા.૯/૯/૨૦૧૪ ના રોજ ૧૧:૦૦વાગ્યાના સુમારે કોઈ પ્રાઈવેટ જીપમાં બેઠલો અર્જુનભાઈ રમણભાઈ અસારી આ.ઉં.વર્ષ-૨૭, રહે.આંબાબારને છેલ્લા ૫ વર્ષથી ઉલટી થવાની ભયંકર બિમારી થઈ હોવાનું ભિલોડા પોલીસ સુત્રોમાંથી જાણવા મળેલ છે કે કોઈ પણ વસ્તું ખાતા પીતા ઉલટી થઈ જતાં આજે પણ ભિલોડાની કોટેજ હોસ્પિટલમાં સારવાર અર્થે આવેલ હતો ત્યારે અર્જુનનો હોસ્પિટલમાં બાટલો ચઢાવેલ હતો. જાતે જ સોય કાઢી નાખી કોઈ પ્રાઈવેટ જીપમાં બેસી ઘર તરફ જઈ રહ્યો હતો. એવામાં એકાએક હાથમતીના બ્રીજ ઉપર જીપ ઉભી રખાવી ભયાનક આવેલા હાથમતી નદીના પુરમાં પડતું મુકી જીવન ટુંકાવવાની કોશીશ કરી હતી તેવામાં આ ધોરીમાર્ગે આવતા-જતાં વાહનો ઉભા રહી જતાં થોડીવાર માટે ટ્રાફીક જામ થઈ જતાં લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા. ઘર પરીવારના સભ્યો તેમજ તરવૈયા અનુભવી લોકો ધ્વારા નદીમાં પડ્યા પછી આશરે ૫૦૦ મીટર સુધી હાથમતી નદીમાં ધસમસતા પાણીના પ્રવાહમાં ખેંચાતો-ખેંચાતો અર્જુન છેક પહોંચ્યો હતો. તરવૈયાઓની મદદથી છેક અર્જુન હેમખેમ બહાર લવાતા અર્જુનના પરીવારજનોએ હાશકારો અનુભવ્યો હતો.રામ રાખે તેને કોણ ચાખે... તે કહેવત અનુસાર યુવાનનો અદભુત રીતે બચાવ થયો હતો.



# ડીસાનાં રામનગરમાં રહેતી યુવતીનું શંકાસ્પદ મોત : પિતા એ મોત મામલે કરી શંકા

ડીસા, તા.૯

ડીસાના રામનગર વિસ્તારમાં પોતાના પતિ સાથે રહેતી એક પરિણિતા ગઈ કાલે શંકાસ્પદ રીતે મૃત્યુ પામી હતી જો કે તેના પીયરીયા અને સાસરીયા



વચ્ચે સમાજ આગેવાનો રૂબરૂ સમાધાન થતા આ પરણિતાની હિંદુ સમાજ અનુસાર દફનવિધિ કરાઈ હતી. જો કે દફનવિધિ સમયે તેના પિતાને આ મોત બાબતે શંકા જતા તેમણે ડીસા ઉત્તર પોલિસને જાણ કરતા પોલિસે આજે સવારે મામલતદાર અને ડીવાયએસપી રૂબરૂ મૃતક મહિલાની લાશને બહાર કાઢી હતી અને તેનું તબીબી પરિક્ષણ હેતુ પી.એમ. કરાવ્યું હતું.


બનાસકાંઠાના ડીસામાં શહેરી વિસ્તાર એવા રામનગર સોસાયટીમાં દિનેશભાઈ સમોભાઈ બારોટ તેમની પ્તની મીરાબેન બારોટ તેમજ ૨ વર્ષની પુત્રી સાથે રહેતા હતા. પતિ દિનેશભાઈ સોમાભાઈ બારોટ ખાનગી હોસ્પિટલમાં કામ કરતો હતો દરમિયાન ગઈ કાલે બપોરનાં સમયે તેની પત્ની મીરાબેન કોઈ અગમ્ય કારણોસર મોતને ભેટતા મૃતકના સાસરી પક્ષનાં લોકો અને પિયર પક્ષનાં લોકો ઘટના સ્થળે આવ્યા હતા. જો કે સમાજનાં આગેવાનો વચ્ચે પડતા આ મોત મામલે સમાધાન સધાયું અને અને તે બાદ આ પરણિતાને તેના સાસરીયા રોબર્સ ગામે આવેલા સ્મશાનમાં દફન કરાઈ હતી. જો કે મોડી રાત્રે આ મૃતકના પિતા જયંતિભાઈ વાલાભાઈ બારોટ દ્વારા તેમની દીકરીનું મોત શંકાસ્પદ રીતે થયું હોઈ તેનું પી.એમ. કરાવવાની ફરિયાદ થઈ હતી જે બાદ આ મામલે ડીસા ઉત્તર પોલીસ મથકે અકસ્માતે મોતની ફરિયાદ નોંધાઈ હતી. આ ફરિયાદ આધારે આજ રોજ ડીસા તાલુકાના રોબર્સ ગામે ડીસા-ડીવાયએસપી એચ.આર. દેસાઈ તેમજ મામલતદાર શિવરાજ ગિલ્વા પંચો રૂબરૂ રોબર્સ સ્મશાન પહોંચ્યા હતા અને મૃત મહિલાની લાશને બહાર કાઢી ડીસાની સરકારી હોસ્પિટલ પી.એમ. અર્થે મોકલી હતી. આ મામલે મૃત મહિલાના પિતાએ મોત મામલે શંકા વ્યકત કરી હતી.

આ મામલે ડીસા ઉત્તર પોલીસે અકસ્માતે મોતની ફરિયાદ નોંધી હતી અને મૃત મહિલાનું પી.એમ. કરાવ્યું હતું. જો કે પ્રાથમિક તપાસમાં આ મહિલાએ કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પીને આત્મહત્યા કરી હોવાનું બહાર આવેલ છે. જો કે મહિલાના શરીર પર ઈજા કે અન્ય કોઈ કારણસર તેનું મોત થયું છે કે નહિ? તે પી.એમ. રીબોર્ટ બાદ જ બહાર આવશે ત્યારે આ મોત મામલે ડીસા ઉત્તર પોલીસે તપાસ હાથ ધરેલ છે.

## હિંમતનગરની મદ્રેસા હાઈસ્કૂલનું ગૌરવ

હિંમતનગર, તા.૯

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર સ્થિત મદ્રેસા હાઈસ્કુલના વિદ્યાર્થીઓ શાળાકીય રમતોત્સવમાં જિલ્લા કક્ષાની વિવિધ રમતોમાં ૨૨ વિદ્યાર્થીઓ વિજેતા જાહેર થયા હતા અને રાજય કક્ષાએ પસંદગી પામ્યા છે. હિંમતનગરની મદ્રેસા હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ શાળાકીય રમતોત્સવમાં ભાગ લીધો હતો. જુડોમાં-૫, બેડમિન્ટમાં ૮, વોલીબોલમાં ૬ વિદ્યાર્થીઓ રાજયકક્ષાએ રમવા જવાના છે. વિદ્યાર્થીઓની આ સિધ્ધી બદલ શાળાના વ્યાયામ શિક્ષક એસ.આર. મોદીને શાળાના આચાર્ય ઝહુર અહેમદ મુતવલ્લીએ અભિનંદન પાઠવ્યા હતા. ઉપરાંત નવયુગ માધ્યમિક શાળા ઈલોલ મુકામે વર્ષ ૨૦૧૪-૨૦૧૫ના ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં પણ મદ્રેસા હાઈસ્કૂલની શાળએ તાલુકામાં બીજો ક્રમ પ્રાપ્ત કર્યો હતો જેને પણ આચાર્ય એ અભિનંદન પાઠવ્યા હતા.





(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુરમાં ભારે વરસાદને કારણે પાલનપુર - બાલારામ માર્ગ ચિત્રાસણી અંડરપાસ પાણીમાં ગરકાવ થઈ ગયું હતું તેમજ ઉત્તરે આવેલ માનસરોવર તળાવ છલોછલ છલકાતાં નજીકમાં આવેલ હરિપુરા વિસ્તારના બે કાચા મકાનોની દિવાલો તૂટી હતી તે પ્રસંગની તસવીર...

# જે. એમ. ચૌધરી વિદ્યાલયની વિદ્યાર્થીનીઓ રાજ્યકક્ષાએ ભાગ લશે

ગાંધીનગર, તા. ૯

જિલ્લાકક્ષાની અંડર-૧૭અને ૧૯ એથલેટિક્સ સ્પર્ધા મહાત્મા મંદિર સેક્ટર-૧૬ ખાતે યોજવામાં આવી હતી. સ્પર્ધામાં જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીનીઓએ વિવિધ સ્પર્ધામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરતા રાજ્ય કક્ષાએ પસંદગી પામી છે.

જેમાં અંડર-૧૭ માં સ્નેહલ ગોહિલ ૨૦૦ મી. દોડ અને ૪-૧૦૦ રીલેમાં પ્રથમ, દૃષ્ટિ પટેલ ૧૫૦૦ મી. દોડ અને ૪-૧૦૦ રીલેમાં પ્રથમ હિતાલી દામા, લાંબીકૂદમાં બીજો અને ૪-૫૦૦ રીલોમાં પ્રથમ, ગાયત્રી ચૌધરી હથોડા ફેંકમાં પ્રથમ, સુચી ચૌધરી ૩૦૦ મી. દોડમાં પ્રથમ, નિશા ગોહેલ ગોળા ફેંકમાં પ્રથમ અને હંસા ચૌધરી ઊંચીકૂદમાં ત્રીજો અને ૪-૧૦૦ રીલે દોડમાં પ્રથમ નંબર મેળવ્યો છે. જ્યારે અંડર-૧૯ સ્પર્ધામાં પ્રગતિ ચૌધરી, ૨૦૦ મી દોડમાં રીતુ ચૌધરી ૮૦૦ મી. દોડ અને વિઘ્નદોડમાં હિના ચૌધરી ૩૦૦ મી. દોડમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. જ્યારે દિવ્યા ચૌધરી ૧૫૦૦ મી. દોડમાં બિજલ ચૌધરી લાંબીકૂદમાં અને લક્ષ્મી ચૌધરીએ ૫૦૦ મી. દોડમાં બીજો નંબર પ્રાપ્ત કર્યો છે.

## ઈન્ફોસિટીના વિદ્યાર્થીઓએ શિષ્યવૃત્તિ મેળવી

સેન્ટ્રલ સેકટર મેરિટ સ્કોલરશીપ ફોર કોલેજ એન્ડ યુનિવર્સિટી સ્ટુડન્ટસ યોજના હેઠળ સરકાર દ્વારા શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. જેમાં ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજના ૧૭ વિદ્યાર્થીઓએ આ શિષ્યવૃત્તિ મેળવી છે. શાળાના ૧૭ વિદ્યાર્થીઓએ ૮૦ટકાથી વધુ ગુણ પ્રાપ્ત કરવાથી શિષ્યવૃત્તિ મેળવી શકયા છે.

## આજે એએએની ટીમ ચૌધરી કોલેજની મુલાકાત લેશે

ચૌધરી કોલેજમાં આજે એકેડમીક એડમિનીસ્ટ્રેશન ઓડિટ ટીમ મુલાકાતે આવશે. ટીમ સવારે ૮ થી સાંજના ૭ વાગ્યા દરમિયાન કોલેજની શિક્ષણ પદ્ધતિ, કોલેજના વર્ષ દરમિયાનના પરિણામો અને વહીવટી કાર્યની ચકાસણી કરશે. તેમજ કોલેજમાં ચાલતી પ્રવૃત્તિઓ, એન.સી.સી., સ્પોર્ટસની જાત માહિતી મેળવશે. આ પ્રસંગે કોલેજની વિદ્યાર્થીનીઓ વાલીઓ અને કોલેજ પરિવાર ઉપસ્થિત રહેશે.

# ચાંદખેડામાં ઉર્જા બચત પર સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા.૯

વિશ્વમાં ઉર્જાનું સંકટ ઘેરાતું જાય છે તેમાંય વળી પેટ્રોલ આધારીત વાહનોની સંખ્યા વિશ્વમાં દર વર્ષે વધતી જાય છે તેના કારણે ખનીજ તેલની ભારે માંગ ઉભી થઈ છે. ઊર્જાની આ સમસ્યાનો ઉકેલ સમજદારી છે. લોકોમાં જાગૃતિ કેળવવી અને લોકો ઊર્જા સંરક્ષણ વિષે જાણતા થાય તે હેતુથી 'પેટ્રોલિયમ કન્ઝર્વેશન રીસર્ચ એસોસીએશન-અમદાવાદ'ના ઉપક્રમે વારાહી એજયુકેશન કોલેજ, સાબરમતી અમદાવાદ ખાતે બી.એડ.ના તાલીમાર્થીઓ માટે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

પી.સી.આ.એ. સંસ્થાના ફેકલ્ટી શ્રીમતી રાજશ્રીબેન તથા પ્રભાકરભાઈએ ૧૦૦ જેટલા તાલીમાર્થીઓને ઊર્જા સંરક્ષણ વિષે વ્યાખ્યાન આપ્યું. જાણીતા હાસ્ય અને વ્યંગ કલાકાર સ્વ. જશપાલ ભટ્ટીની એક વીડીયો કલીપ 'પુલ કાર' બતાડવામાં આવી. જેમાં જસપાલ ભટ્ટીની ઉર્જા સંરક્ષણ અંગેની રમુજી બાબતો ઘણો સુંદર મેસેજ આપતી હતી. કાર્યક્રમના અંતે ઊર્જા કવિઝનું આયોજન કરવામાં આવ્યું હતું અનુ વિજેતા વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર કોલેજના પ્રિન્સીપાલ ડૉ. અનિલ પટેલના હસ્તે આપવામાં આવ્યા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. સંજયભાઈ પટેલે કર્યું.

## શબ્દાવલી - ૫૫૦૧

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ■ | ૩ | ૪ | ૫ |
| | ■ | | ■ | ૬ | ■ | ૭ | |
| ૮ | ૯ | | ૧૦ | ■ | ૧૧ | | |
| ■ | ૧૨ | | | ■ | ■ | ■ | |
| ૧૩ | | ■ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ■ |
| ૧૮ | | ૧૯ | ■ | ૨૦ | | | ■ |
| | ■ | ૨૧ | | | | ■ | ૨૨ |
| ૨૩ | | | ■ | | ■ | ૨૪ | |

### આડી ચાવી

૧. વૃક્ષ, ઝાડ (૪)
૩. પહેરેગીર, પગી (૩)
૬. જનની, જનેતા (૧)
૭. ટેવ, કુટેવ (૨)
૮. ઉતાવળમાં થતી ગભરામણ (૪)
૧૧. 'કુંભાર' શબ્દ આડોઅવળો (૩)
૧૨. માખણ (૩)
૧૩. ... ચિઠ્ઠી, જાસો આપવો(૨)
૧૪. નાના છોકરાઓ... થી રમે (૪)
૧૮. પથ્થર, પથરો (૩)
૨૦. હિમાલય (૩)
૨૧. મહેમાન ગતિ કરાવનાર વ્યક્તિ (૪)
૨૩. તકરાર (૩)
૨૪. શંકા, વહેમ (૨)

### ઊભી ચાવી

૧. ચોર, ચોરી કરનાર વ્યક્તિ (૩)
૨. શ્રીરામને ચૌદ વર્ષનો... થયો (૪)
૪. હળવું, તુચ્છ (૩)
૫. વર્તણુંક (૪)
૯. પુષ્કળ અવરજવર, તોફાન (૪)
૧૦. ટપારવું, ... કરવી (૩)
૧૩. જાપાનનું રહેવાસી (૪)
૧૫. મેમાન, પરોણો (૪)
૧૬. બારણાની ફ્રેમ (૩)
૧૭. ડાળી - ડાળખા (૨)
૧૯. ઉખાણું (૩)
૨૨. બોર્ડ ઉપર... થી લખાય(૨)

### શબ્દાવલી ૫૫૦૦ના જવાબ

**આડી ચાવી :-** (૧) જનમ (૩) સભાનતા (૬) નરગીસ (૭) તપસ્વી (૯) તપ (૧૧) નક્ષત્ર (૧૩) નતમસ્તક (૧૫) વખ (૧૭) કમર (૧૯) રામ (૨૦) વાચા (૨૧) શણગાર (૨૨) બુસલી

**ઊભી ચાવી :-** (૧) જગત (૨) મનસ્વી (૩) સગીર (૪) ભાસ (૫) તામ્રપક્ષ (૮) પસ્તી (૯) તક્ષક (૧૦) જાતક (૧૧) નસ્તર (૧૨) નવરાશ (૧૪) મમત્વ (૧૬) ખમણ (૧૮) પાંચાલી (૨૦) વાસ

## વિશ્વામિત્રી ગાંડીતુર

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

**વિશ્વામિત્રી નદીના કિનારે આવેલા વિસ્તારોમાં પુર જેવી સ્થિતિ સર્જાઈ ગઈ છે. વડોદરા શહેરમાં હવે પુરનુ સંકટ તોળાઇ રહ્યું છે. છેલ્લા ૨૪ કલાકમાં ભારે વરસાદના કારણે વડોદરામાં ચારે બાજુ પાણી ભરાઇ ગયા છે. આ ઉપરાંત વડોદરાની વિશ્વામિત્રી અને અન્ય નદીઓમાં પાણીની સપાટી વધી છે.**

**વિશ્વામિત્રી નદી ગાંડીતુર બની છે. વડોદરા શહેર જિલ્લા અને ઉપરવાસમાં ભારે વરસાદ પડવાના કારણે પુરનુ સંકટ ઉભુ થયું છે. જો કે તંત્ર પહેલાથી કોઇ પરિસ્થિતીને પહોંચી વળવા સજ્જ છે. ગુજરાતમાં પણ છેલ્લા કેટલાક દિવસથી ભારે વરસાદ જુદા જુદા વિસ્તારોમાં થઇ રહ્યો છે. દરમિયાન ગાંધીનગરમાં ઉચ્ચસ્તરીય સમીક્ષા મિટિંગ યોજાઈ હતી જેમાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલે એલર્ટ રહેવા માટે જિલ્લા વહીવટીતંત્રને આદેશ કર્યો હતો. જિલ્લા વહીવટીતંત્રની સાથે સંપર્કમાં રહેવા તમામ પ્રભારી સચિવોને પણ આદેશ આપવામાં આવ્યો છે. એનડીઆરએફની ત્રણ ટીમ અને સેનાને એલર્ટ કરી દેવામાં આવી છે. વડોદરામાં પુરની સ્થિતિને પહોંચી વળવા બચાવ નૌકાઓ પણ તૈયાર રાખવામાં આવી છે.**

## વહીવટી તંત્રને એલર્ટ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

પાણીની નવી આવકને કારણે જિલ્લામાંથી પસાર થતી ખારી નદીમાં પાણીની આવક વધારે થતાં હાલીસા પાસેના કોઝ વેની ઉપરથી પાણી પસાર થતાં હાલીસા-દહેગામ માર્ગ વાહન વ્યવહાર બંધ કરી વાહન વ્યવહારને ડાયવર્ટ કરવામાં આવ્યો છે.

ચિલોડાથી અમારા પ્રતિનિધિનો સંદેશો જણાવે છે કે ખારી નદીમાં પાણીની આવક વધતાં ડભોડા પાસે નદી બે કાંઠે થઈ જવા પામી છે. નદી બે કાંઠે થતાં જ ડભોડાના સરપંચશ્રી અરવિંદસિંહ સોલંકીએ નદીના પાણીના વધામણાં કર્યા હતા.

જિલ્લા તંત્ર એ આજે સમગ્ર તંત્રને એલર્ટ મોડ પર મુકતાં તમામ અધિકારીઓને ફરજનું મુખ્ય મથક પૂર્વ મંજૂરી વિના નહિ છોડવા તેમજ વરસાદની સ્થિતિ પર સંપૂર્ણ નજર રાખવા માટે તાકીદ કરવામાં આવી છે. તમામ અધિકારીઓને પણ ડિઝાસ્ટર મેનેજમેન્ટ તરફથી સાબદા રહેવા અને ટીમોને તૈનાત રાખવા માટેની સૂચનાઓ આપવામાં આવી છે.

## ગાર્ડ ઓફ ઓનર સાથે અંતિમવિધિ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

તૈયાર જ હોય છે ત્યારે આ જ રીતે મા ભોમની રક્ષા કરતા ભીલોડા તાલુકાના મોટા કંથારીયા ગામના વતની મુકેશભાઈ ડામોર છેલ્લા દોઢ વર્ષ થી મા ભોમની રક્ષા કાજે આર્મીમાં જોડાયા હતા. સેંકડો લોકોએ દેશ માટે જાન ગુમાવી છે ત્યારે લદાખમાં દેશની રક્ષાની જવાબદારી નિભાવી રહેલા જવાનને માથે બરફશીલા પડતા તે દટાઈ ગયો હતો અને શહીદ થયા હતા જેથી આજરોજ આ શહીદ મુકેશભાઈનો મૃતદેહ તેમના માદરે વતન ખાતે લાવવામાં આવ્યો હતો.

અરવલ્લી જીલ્લાના આ વિસ્તારના મોટાભાગના લોકો સેનામાં જોડાયેલા છે અને મુકેશભાઈ પણ તેમાંથી એક હતા ચાર ચાર વખત પોતે સેનાની ભરતીમાં ફેલ થયા હોવા છતાં પણ હિંમત ન હારી ટ્રાય ચાલુ રાખી છેલ્લે તેમને સફળતા મળી હતી અને મહેસાણાની ભરતી મેળામાં તેમનો સેનામાં નંબર લાગ્યો હતો ત્યારે ત્રણ મહિના માટે તેમનુ પોસ્ટીગ ગ્લેશીયર કરવામાં આવ્યુ હતુ ત્યાં ભારે વરસાદને કારણે બરફ વર્ષા થતા તેમની ઉપર મોટી હિમશીલા પડતા તેઓ હિમશીલા નીચે દટાઈ જતા તેઓ શહિદ થયા હતા ત્યારે તેમના મૃતદેહને આજે તેમના માદરે વતન મોટા કંથારીયા ખાતે લાવી આજે આર્મીના જવાનો અને પોલીસ ધ્વારા ગાર્ડ ઓફ ઓનર સાથે અંતિમવિધી કરવામાં આવી હતી. જયારે શહીદની અંતીમયાત્રામાં હજારોની સંખ્યામાં લોકો જોડાયા હતા અને મુકેશ ડામોર અમર રહો તેમજ જબ તક સુરજ ચાંદ રહેગા મુકેશ તેરા નામ રહેગાના નારાઓથી ઉપસ્થીત સૌ કોઈ ગદગદીત થઈ ગયા હતા. આ શહીદની અંતીમયાત્રામાં જીલ્લાના સાંસદ, ધારાસભ્ય, અધિક કલેકટર, અરવલ્લી જીલ્લા પોલીસ વડા તેમજ મોટી સંખ્યામાં રાજકીય આગેવાનો ઉપસ્થીત રહયા હતા.

## ચાર ઈંચ વરસાદ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ભારે વરસાદના લીધે નગરમાં ઠેર-ઠેર વરસાદી સમસ્યાઓ ઉદ્ભવી છે. સતત વરસાદના લીધે નગરનું જનજીવન પણ અસ્તવ્યસ્ત બની ગયું છે. શહેરના પાર્કીંગ પ્લેસમાં પણ પાણી ભરાઈ જતા વાહનચાલકોને હાલાકી ભોગવવી પડી રહી છે. જ્યારે માર્ગો આસપાસ ખોદાયેલા ખાડાઓમાં પણ વાહનો ફસાઈ જતા વાહનચાલકોએ મુશ્કેલીમાં મુકાયાનો વારો આવ્યો હતો. જિલ્લામાં સીઝનનો સરેરાશ ૮૬.૦૩ ટકા વરસાદ નોંધાયો છે.

## ધાર્મિક લાગણીઓ દુભાઈ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ગુજરાતી ફિલ્મો થકી ડિસ્કો કરાયો હતો. અને આનંદના અતિરેકમાં ધાર્મિક પર્વના મહત્વને ભુલાયું હતું. ભજન-કિર્તન કે સત્સંગી ગીતો થકી આ પર્વને માણવાનો અને પ્રભુને રિઝવવાની જગ્યાએ પોતાના આનંદને પ્રદર્શિત કર્યા હતા. ધાર્મિક પર્વો તેની પ્રવૃત્તિથી શ્રદ્ધાનું કેન્દ્ર બન્યા છે. ત્યારે દાદાના વિસર્જનના ભાવુક પ્રસંગે પણ આવી પ્રવૃત્તિઓ ધાર્મિક શ્રદ્ધાળુઓની લાગણી દુભાઈ છે અને હિંદુ સંસ્કૃતિના આ પર્વોમાં અત્યંત કાળજી જરૂરી બની હોવાનું તેઓ જણાવી રહ્યા છે.

## ટેન્ડર નોટીસ

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગ, સરદાર ભવન, બ્લોક નં. ૧૪, ૫મો માળ, નવા સચિવાલય, ગાંધીનગર ખાતે રેટ કોન્ટ્રાક્ટથી ઝેરોક્ષ મશીન માણસ સહિત મુકવાનું હોઈ રસ ધરાવતા ગાંધીનગરના નોંધાયેલ દુકાનદારોએ સીલબંધ કવરમાં ઉપસચિવશ્રી, અ.ના.પુ. અને ગ્રા.બા.નો વિભાગના નામે ટેન્ડર પ્રસિદ્ધ થયેથી દિન-૭માં ભાવો મોકલવાના રહેશે. આ અંગેની શરતો અને બોલીઓ તેમજ ટેન્ડર વિભાગની મહેકમ શાખા પાસેથી રજાના દિવસો સિવાયના ઓફીસ સમયે મેળવી લેવા વિનંતી છે.

જી. આર. ગોસ્વામી
ઉપસચિવ,
અ.ના.પુ. અને ગ્રા.બા.નો વિભાગ
ગુજરાત સરકાર

માહિતી/૧૧૬૫/૨૦૧૪-૧૫